





યાદગાર પળો - આફ્રિકન ડેવલપમેન્ટ બેંક ગ્રુપની વાર્ષિક પરિષદ પ્રસંગે પ્રધાનમંત્રીએ વિવિધ આફ્રિકન દેશોના વડાઓ તથા બેંકના પદાધિકારીઓ સાથે વિકાસની વાતો કરી સધિયારો આપ્યો હતો કે, ભારત આફ્રિકન દેશોના વિકાસ માટે ખભેખભા મીલાવી કાર્યરત રહેશે... સમગ્ર સમારોહમાં પ્રધાનમંત્રી છવાયા હતા... આફ્રિકન નેતાઓ મોદીના વક્તવ્યથી આફ્રિન બન્યા હતા... મહાત્મા મંદિર ખાતે આફ્રિકાના ઈતિહાસમાં પહેલી વખત દેશ બહાર યોજાયેલી પરિષદને પ્રોત્સાહન પ્રતિભાવ પ્રાપ્ત થયો હતો... આફ્રિકાના વિકાસની આ ઐતિહાસિક યાદગાર પળો સાથે મહાત્મા મંદિર ગાંધીનગર જોતરાયું એ પણ સિમાચિહ્નરૂપ છે... ૯૦ દેશોના ૩૦૦ પ્રતિનિધિઓ સાથે પ્રધાનમંત્રીની સામુહિક તસવીર પ્રતિત કરાવે છે કે, ભારત વિશ્વગુરૂ બનવા તરફ આગળ વધી રહ્યું છે...

# રેડઝોનના બાળકોને પણ સીએમટી સેન્ટરોમાં સારવાર આપવા સુચના

## તબીબી અધિકારીઓ આવા બાળકોની ખાસ તપાસ કરે એટલુ જ નહિ બાળકોના માતા-પિતાને પણ તેમની સારવાર માટે સમજૂત કરી એક ખાસ જનજાગૃતિ અભિયાન હાથ ધરે

ગાંધીનગર, તા. ૨૩

રેડઝોનમાં આવેલા ૫૦૦ જેટલા બાળકોને પણ પોષણ અભિયાનમાં આવરી લેવા માટે જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈએ આરોગ્યતંત્રને સૂચના આપી છે.

જિલ્લા ન્યુટ્રીશ્યન સેલની મળેલ સમીક્ષા બેઠકમાં તેમણે આ સૂચના આપતાં જણાવ્યુ હતુ કે આરોગ્ય સેતુના કાર્યક્રમો દરમ્યાન તબીબી અધિકારીઓ આવા બાળકોની ખાસ તપાસ કરે એટલુ જ નહિ બાળકોના માતા-પિતાને પણ તેમની સારવાર માટે સમજૂત કરી એક ખાસ જનજાગૃતિ અભિયાન હાથ ધરે તે જરૂરી છે.

તેમણે જણાવ્યુ હતુ કે આંગણવાડીમાં અભ્યાસ કરતા બાળકો જે કુપોષિત જણાયા છે તેમાં ૫૦૦ બાળકો રેડઝોનમાં છે. કુપોષણ મુક્તિ અભિયાન આરોગ્યતંત્ર અને મહિલા બાળ વિકાસ વિભાગ એકબીજાના સંકલનમાં રહી હાથ ધરે તો તેના સારા અને ઝડપી પરિણામ સમાજને મળશે તેમ તેમણે કહ્યું હતું.

તેમણે જણાવ્યુ હતુ કે કુપોષણમાં આરોગ્યતંત્ર દ્વારા બાળકની ઊંચાઈ અને વજનને જ ધ્યાનમાં લેવામાં આવે છે. આ માપદંડ જરૂરી છે પરંતુ બીજા માપદંડોને પણ ધ્યાનમાં રાખી આખુ અભિયાન ચલાવવામાં આવે તે વિશેષ જરૂરી છે.

આ બેઠકમાં જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી ડૉ. જાગાણીએ ગતવર્ષ અભિયાનના બીજા તબક્કામાં મળી આવેલા બાળકો સંપૂર્ણ તંદુરસ્ત બની ગયા હોવાનું જણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે સીએમટી કેન્દ્રોમાં હાલ જે બાળકો છે તેમનું ડેવલપમેન્ટ પણ સારૂ એવુ જણાય છે. તેમણે આગામી અભિયાન અંગેની જાણકારી પણ આપી હતી.

આ બેઠકમાં જિલ્લાના વિવિધ વિભાગોના અધિકારીઓ હાજર રહ્યા હતા.

# જિલ્લામાં ૧૫મીથી કુપોષણ મુક્તિ અભિયાન

## આ વર્ષે સર્વેલન્સમાં ૧,૫૦,૪૫૬ બાળકોને આવરી લઈ તેમનું સ્કેનીંગ કરી કુપોષિત બાળકોને અલગ તારવી તેમને પોષણયુક્ત બનાવાશે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લામાં ૧૫મી જુનથી ૦ થી ૫ વર્ષની આયુ ધરાવતા બાળકોનું કુપોષણ અંગેનું સર્વેલન્સ અભિયાન જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા હાથ ધરવામાં આવનાર છે.

કુપોષણ મુક્ત ગુજરાત અભિયાનના ત્રીજા તબક્કાના આ સર્વેલન્સ માટે જિલ્લાસ્તરે ખાસ તાલિમોનું પણ આયોજન તંત્ર દ્વારા કરવામાં આવ્યું છે.

મળતી વિગતો મુજબ જિલ્લામાં ફિમેલ હેલ્થવર્કર દ્વારા પ્રથમ બાળકોનું સ્કીનીંગ કરવામાં આવશે. જિલ્લામાં ૧,૫૦,૪૫૬

● અનુસંધાન પાન-૭ પર

# સે-૧૪માંથી સ્વાઈન ફલુનો પોઝીટીવ દર્દી મળ્યો

## ૫૫ વર્ષની આયુ ધરાવતો દર્દી શહેરની નજીકની ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેરના સે-૧૪માંથી આજે સ્વાઈન ફલુનો પોઝીટીવ કેસ મળી આવતાં શહેરનું આરોગ્ય તંત્ર હરકતમાં આવ્યું છે અને દર્દીના રહેઠાણની આસપાસના વિસ્તારોમાં સર્વેલન્સની કામગીરી હાથ ધરી છે.

૪૦ ડિગ્રીથી પણ વધુ તાપમાન વચ્ચે સ્વાઈન ફલુ પોઝીટીવનો દર્દી મળી આવતાં આરોગ્ય તંત્ર ચોંકી ઉઠયું છે. છેલ્લા ૧૫ દિવસમાં આ બીજો કેસ મળતાં તંત્ર સતર્ક બની ગયું છે. શહેરમાંથી આ સિઝનમાં ૩જો દર્દી મળ્યો છે.

મળતી વિગતો પ્રમાણે હાલ દર્દી ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે અને તેની તબિયત સ્થિર હોવાનું જાણવા મળેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

# પંચાયતમાં બાયોમેટ્રીક એટેન્ડસ્ પ્રથા અમલી

## ૧૫ થી વધુ કર્મચારીઓના થમ્બ ઈમ્પ્રેશન કેચ-અપ ન થતાં કર્મચારીઓમાં ગણગણાટ : ટેકનીકલ ક્ષતિ હોઈ શકે : તંત્ર

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં અમલી બનેલ બાયોમેટ્રીક એટેન્ડસ સિસ્ટમમાં ૧૫ થી વધુ કર્મચારીઓની થમ્બ ઈમ્પ્રેશન ન આવતાં કર્મચારી આલમમાં ગણગણાટ શરૂ થયો છે.

જિલ્લા પંચાયતે તાજેતરમાં જ બાયોમેટ્રીક એટેન્ડન્સ સિસ્ટમ લગાવવાનો નિર્ણય કર્યો હતો અને આ બે દિવસથી તેનો આરંભ થયો છે. પ્રારંભિક તબક્કો હોવાથી ક્યાંક કોઈક ટેકનીકલ ક્ષતિને કારણે આવી સ્થિતિ નિર્માણ થઈ હોવાનું અધિકારી વર્તુળો માની રહ્યા છે.


આ બાયોમેટ્રીક સિસ્ટમના કારણે નિયમિત લેટ કર્મચારીઓને તકલીફ પડશે કારણ કે તેમાં ૧૦.૪૦ સુધી જ થમ્બ ઈમ્પ્રેશન કેચ-અપ થશે. આજ રીતે છુટતી વેળાએ પણ થમ્બ ઈમ્પ્રેશન આપવાની રહેશે.

આ બાયોમેટ્રીક સિસ્ટમ સંપૂર્ણ કાર્યરત થઈ જતાં મસ્ટરપ્રથાને વિદાય અપાશે. આને કારણે કર્મચારીની હાજરી અંગેની વિગતો પણ રોજેરોજ ઉપલબ્ધ બની જશે. દરેક ઓફિસમાં કર્મચારીઓની રજા

● અનુસંધાન પાન-૭ પર

# આફ્રિકન ડેવલપમેન્ટ બેંક ગ્રુપની પરિષદના પ્રારંભિક પ્રસંગોની આસપાસ

- દેશ-વિદેશથી આવેલા ડેલિગેટ્સના સ્વાગત માટે ૧૦ થી વધુ આઈએએસ અધિકારીઓ મહાત્મા મંદિરના દરવાજે તૈનાત રહ્યાં હતા.
- મહાત્મા મંદિરમાં શણના મંડપની સાથે સુરેન્દ્રનગરના તરણેતરના મેળામાં વપરાતી ભાતીગળ છત્રીઓ બાંધી હતી જે આકર્ષણનું કેન્દ્ર બની હતી.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું સ્વાગત ગુજરાત રેજીમેન્ટના બેન્ડની સુરાવલીઓથી કરવામાં આવ્યું હતું.
- વડાપ્રધાને તેમના પ્રવચનમાં ભારત તથા આફ્રિકાના સંબંધોના ઈતિહાસને વણી લીધો હતો જેના કારણે આફ્રિકનો 'આફરિન' થયાં હતા.
- વડાપ્રધાન તેમનુ વક્તવ્ય પુરૂ કરી તેમના સ્થાને પરત ફર્યા ત્યારે આફ્રિકન ડેવ બેંકના પ્રેસિડેન્ટ તેમને ભેટી પડ્યા હતા.
- વડાપ્રધાન કાર્યક્રમ પતાવી એક્ઝિબીશનની મુલાકાતે ગયા ત્યારે તેમનો રસ્તો લોખંડની ગ્રીલવાળા બેરિકેડ્સથી બ્લોક કરી દેવાતા જમવા માટે જવા માંગતા મુલાકાતીઓ બે ભાગમાં અટવાઈ ગયા હતા.
- વડાપ્રધાનની મુલાકાત બાદ પોલીસે ઝડપથી ગ્રીલ ખસેડતા એક આફ્રિકન ડેલિગેટને ગ્રીલ વાગતા સ્હેજમાં રહી ગઈ હતી.
- આફ્રિકન સહિત વિદેશી મિડીયા કર્મીઓ કવરેજ માટે છૂટછાટ લેવા પ્રયાસ કરતા હતા ત્યારે અનેકવાર સુરક્ષા કર્મીઓ સાથે રકઝક થવા પામી હતી.
- મહાત્મા મંદિર સંકુલમાં ડેલિગેટ્સને હરળા ફરવા બેટરી સંચાલિત ગાડીઓ રખાઈ હતી પરંતુ આફ્રિકન ડેલિગેટ્સે તેનો સૌથી ઓછો ઉપયોગ કર્યો હતો.
- એક આફ્રિકન વક્તાએ તેમનું વક્તવ્ય 'સુપ્રભાતમ્' કહીને પ્રારંભ કર્યુ હતુ અને 'ધન્યવાદ' કહીને પુરૂ કર્યુ હતુ.
- નરેન્દ્ર મોદીની તસવીર મોબાઈલમાં લેવા માટે આફ્રિકન ડેલિગેટ્સે રીતસર પડાપડી કરી હતી.
- મહાત્મા મંદિર સંકુલમાં ઉભી કરાયેલ મોટી ફળોની ટોકરીની પ્રતિકૃતિ સમક્ષ સેલ્ફી લેવા માટે ડેલિગેટ્સે લાઈન લગાડી હતી.




# રાજ્યમાં પુનઃ ગરમીનું મોજુ

## સતત બે દિવસે વરસાદ બાદ ફરી તીવ્ર ગરમીનો અનુભવ :રાજ્યના અનેક ભાગોમાં પારો હજુ પણ ૪૨થી ઉપર

અમદાવાદ, તા.૨૩

અમદાવાદ શહેરમાં છેલ્લા બે દિવસથી વરસાદી ઝાપટા બાદ આજે બ્રેકની સ્થિતિ રહી હતી અને ફરી એકવાર લોકોએ તીવ્ર ગરમીનો અનુભવ કર્યો હતો. પારો આજે પણ અમદાવાદમાં ૪૦થી ઉપર રહ્યો હતો. અમદાવાદ શહેરમાં મહત્તમ તાપમાન ૪૧.૨ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે રાજ્યના અન્ય ભાગોમાં પારો ૪૨થી પણ ઉપર પહોંચ્યો હતો. અમદાવાદમાં મહત્તમ તાપમાન આજે ૪૧.૨ ડિગ્રી નોંધાયુ હતું. જ્યારે કંડલા એરપોર્ટ ખાતે પારો ૪૨.૫ સુધી પહોંચ્યો હતો.

આજે જે વિસ્તારોમાં પારો ૪૨થી ઉપર રહ્યો હતો તેમાં ઈડરમાં ૪૨, કંડલા એરપોર્ટ ખાતે ૪૨.૫, સુરેન્દ્રનગરમાં ૪૨, અમરેલીમાં ૪૨.૭ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. અમદાવાદ શહેર સહિત રાજ્યના ઘણા ભાગોમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. ગાજવીજ સાથે વરસાદ પડવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. બીજી બાજુ ગુજરાત માટેની આગાહીમાં જણાવવામાં આવ્યું છે કે, ઉત્તર ગુજરાતના ઘણા ભાગોમાં તથા સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાતમાં પણ વરસાદી ઝાપટા પડી શકે છે. બીજી બાજુ અમદાવાદ શહેરમાં છેલ્લા બે દિવસ દરમ્યાન કમોસમી વરસાદ વરસ્યા બાદ ફરી એક વખત મહત્તમ તાપમાન ૪૩ થી ૪૪ ડીગ્રી સુધી પહોંચવાની આગાહી કરવામાં આવી છે. ૨૫ મેથી ત્રણ દિવસ માટે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.જ્યારે ૨૮ મે ના રોજ મહત્તમ તાપમાન ૪૪ ડીગ્રી પર પહોંચવાની આગાહી સાથે ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.









Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com